





કોઇ ના ભરમાવ્યા ભમે ને હદ પાર થાય છે,
એને વ્હાલા થવા એન્કાઉન્ટરીયા ઠાર થાય છે
સાર સમજાય જિંદગીનો જેલમાં ચિંતનથી -
રાવણ રાજ કરે, ને 'બજરંગી' માર ખાય છે!




મરે ન એનું -
મારે શું રે કરવું?!
સત્તા - મમતા
(- શ્રી મનમોહન)

મનમોહન
'સરદાર' તો ખરા -
જૂઠ ના પણ..
(કોમ્યુનિકેશન ન થયું? લ્યો)

## ચિંતન

**ગતે શોકો ન કર્તવ્યો ભવિષ્યં નૈવ ચિન્તયતે ।**
**વર્તમાનેન કાલેન પ્રવર્તન્તે વિચક્ષણાઃ ॥**

જે વસ્તુ ગયેલી છે ભૂતકાળમાં નાશ પામી છે, તે વસ્તુ શોક-દુઃખ અને ભવિષ્યમાં શું થશે એની ચિંતા ન કરતાં, બુધ્ધિમાન-ડાહ્યા જનો વર્તમાનમાં જ આનંદથી જીવે છે.

અધકચરૂં જ્ઞાન-સમજ દ્વારા માણસ વધારે દુઃખી થાય છે, કુદરતી આપત્તિઓમાં કે વેપાર-સટ્ટામાં નૂકશાન થતાં-પોતાનું ઘર-ખેતર-જમીન-ગરાસ ધોવાઇ જાય, નાશ પામે પછી પોતાની ભૂતકાળની જાહોજલાલીના રોદડાં ગાતાં યાદ કરી બેસી રહેવાનો કોઇ અર્થ નથી. તેને બદલે જાગૃતિ અને હિંમત એકઠી કરી નવેસરથી ઊભાં થવાનો પ્રયત્ન કરનાર તરત સ્વસ્થ થઇ જઇ આગળ વધે છે.

અધકચરાં જ્ઞાનથી આવનાર આપત્તિ-રોગો-મુશ્કેલીઓની ચિંતા કરી માનવી ચિંતામાં દુબળો પડી જાય છે. ભવિષ્યમાં શું થશે એની ચિંતા કર્યા વિના 'કર્મ' અને 'ભાગ્ય' પર ભરોસો રાખી આજની, આ-પ્રવર્તમાન 'ક્ષણ' ને માણી લેવી જોઇએ. આમ ભૂતકાળને યાદ કરી રડવું નહીં અને ભાવિની ચિંતામાં પડવું નહીં. વર્તમાન ક્ષણનો 'આનંદ' માણી લેવો જોઇએ.

પંડિત-જ્ઞાન-વિદ્વાન-ડાહ્યા માણસો ભૂત અને ભવિષ્યને યાદ કર્યા વિના માત્ર 'વર્તમાન'ને માટે સજાગ હોય છે.

## સુવિચાર

- જયારે બે માણસ વિવાદમાં દલીલો કરી ઝઘડતા હોય ત્યારે બંને ખોટા જ હોય છે - **યાસીગો**
- જો માણસને ખરેખર શીખવું જ હોય તો તેની દરેક ભૂલ એને કંઇક શીખવી જ જાય છે - **ચાર્લ્સ ડીકન્સ**
- તમારા ચહેરા પરના ડાઘની ખાસ કોઇ ચિંતા ન કરો પણ હૃદય પર પડેલો ડાઘ દૂર કરવા ત્વરિત ઉપાય કરો - **લોંગ ફેલો**
- રાત્રિ આવતાંની સાથે જ એક સંદેશો આપે છે કે પ્રભાત ઉગવાનું જ છે - **ડગ્લાસ**
- આજની મહેનત એ આવતીકાલનું નસીબ છે - **પાલશિરર**
- બાળકોનો જન્મ એ પ્રભુનો એક સંદેશ છે કે મનુષ્યનું સર્જન કરીને પ્રભુ હજી હતાશ થયો નથી - **ટાગોર**
- વિચાર્યા વિનાનું વાચન એટલે પચાવ્યા વિનાનું ભોજન - **એડમંડ બર્ક**

## બોધકથા

સાચા સંત-યોગી-સિધ્ધ પુરૂષ પોતાની જાતને બાપુ-બાબા 'ભગવાન' બની પૂજાવતા નથી. પણ એક સામાન્ય માણસ તરીકે જ વ્યવહારમાં રહી કર્મયોગ કરે છે અને પોતાનું 'સિધ્ધત્વ' ગુપ્ત રાખવા પ્રયત્ન કરે છે. સિધ્ધિનાં 'ઢંઢેરા' પીટાય નહીં.

સતનામી સંપ્રદાયના સ્થાપક બુલ્લા સાહેબનું નામ બુલાકીરામ હતું. સિધ્ધિઓ પ્રાપ્ત થયા પછી પણ એક સામાન્ય રખોપીયા મજૂર તરીકે જમીનદાર ગુલાલ સાહેબના ખેતરે કામ કરતા હતા.

એક બપોરે હળ જોડેલું હતું. બળદ બાજુમાં ઉભાં હતાં અને બુલાકીરામ આંખ બંધ કરી ઝાડ નીચે બેઠા હતા. ત્યાં જાગીરદાર ગુલાલ સાહેબ આવ્યા જોયું તો બુલાકી આંખ બંધ કરી બેઠો છે. ગુલાલે બુલાકીની પીઠ પર લાત મારી, ત્યાં તો બુલાકીની આસપાસ દહીં-દહીં ઉડ્યું!

ગુલાલને આશ્ચર્ય થયું, પૂછ્યું બુલાકી આ દહીં કયાંથી આવ્યું?

બુલાકી કહે, માલિક! હું ગુરૂદ્વારામાં સંતોને માનસિક ભંડારો કરતો હતો. મારા હાથમાં દહીંની હાંડી હતી. હું સંતોને દહીં પીરસતો હતો. ત્યાં પીઠ પર તમારી લાત પડી, એટલે દહીંની મટકી ફૂટી ગઇ! મને માફ કરો. ખેતીમાં જરા વાર ધ્યાન અપાયું!!

ગુલાલ, બુલાકીનાં ચરણમાં પડ્યો, માફી માગી અને તે જ ક્ષણે શિષ્ય થઇ ગયો.

# ભારત ખરેખર ચાલુ થાય તેની રાહ જોવાઇ રહી છે... ભારતને ચાલુ કરી આપે તેવા લોકોની જરૂર છે... આ આશ્ચર્ય ચિહ્નવાળા પ્રશ્નાર્થનો દેશ છે...

## આજે ભારત ચાલુ છે...

**કોફી હાઉસ**
**- ઉત્સવ પરમાર**

"ભારત બંધ..." ભારતીય રાજકારણનો હઠયોગ છે. ભારત બંધ, સડક બંધ, સ્કૂલ બંધ, રેલ બંધ, દુકાન બંધ, બસ બંધ, કામ બંધ, લોકો બંધ, વિચાર બંધ, આત્મા બંધ, ભારત બંધ. બંધ એ રાજકારણીઓનું પ્રિય વાદ્ય છે, જે ગમે ત્યારે વગાડી શકાય છે... વિરોધનાં ગીતો, મતભેદનાં સૂરો... ભારત બંધ, સતત રોજ ગાળો ખાઇ ખાઇને સવારે ફાઇલોનાં ખોળામાં અને રાત્રે હિસાબોની ડાયરીઓની ઓથમાં થાકતા કલર્ક માટે, રોજ ફરી ફરીને પણ કયાંક ન જતાં કંડકટર માટે, કમ્પલસરી અટેન્ડન્સનાં જાળમાં ફસાયેલાં લાચાર દુર્ભાગી વિદ્યાર્થી માટે, રવિવારનાં દિવસે પણ ઓફિસોમાં કામ કરનાર માટે બંધ એ સ્વર્ગીય વરદાન છે વત્સ! પરંતુ હે ભારતપુત્રો! શું આ બંધ કોઇ બંધ મગજમાંથી ઉદ્ભવ પામ્યો છે કે પછી...?? મગજ ખુલ્લું હોય તો તર્ક લગાવી શકો છો અને બંધ હોય તો 'બંધ' ચલાવી શકો છો.



અત્રે, પરંતુ કોલમિસ્ટ મહોદયને એક અતિ નૂતન વિચાર સ્ફૂર્યો છે... "ભારત બંધ" નહીં પણ "ભારત ચાલુ"... જી હાં! ઇન્ડિયા ઓન સ્ટાઇક નહીં ઇન્ડિયા ઓન ડ્યૂટી...!!

બેનર લગાડો, પોસ્ટરો છપાવો, અખબારોમાં જાહેરાત કરો, ટીવી પર એડ આપો, રેડિયો પર જિંગલ્સ બનાવો... "આજે ભારત ચાલુ છે..." આજે ભારતીયતા બંધ નહીં રહે!! આજે ભારતને પૂરજોશમાં તેની ફૂલ-સ્પીડ પર ચલાવવામાં આવશે, આજે સરકારી ખાતાઓમાં ખાતા લોકો ઉપવાસ કરશે અને એમને જે કામ આપ્યું છે તે ચાલું કરશે, આજે કોઇ નેતા રિશ્વત નહીં આપે આજે કોઇ કર્મચારી લાંચ નહીં લે, આજે ટ્રેનો સમય પર ચાલશે, આજે રસ્તોમાં ખાડા નહીં પડે, આજે સાવ જ અજાણ્યો મળી ગયેલા માણસની અટક પૂછવામાં નહીં આવે, આજે કોઇ બેરોજગારીનાં લીધે આત્મહત્યા નહીં કરે, કેમ કે આજે ભારત ચાલું છે હોવાથી તમામ બેરોજગારોને એક દિવસની રોજગારી મળશે. આજે કોઇ ભૂખ્યો નહીં સૂએ કેમ કે, ચાલુ ભારતમાં દરેકને જમવાનું આપવામાં આવશે. આજે ભારત ચાલુ છે... એટલે કયાંક પાણી માટે લાઇનમાં ઊભું રહેવું નહીં પડે, રાશનની દુકાનો પર કોઇએ આજે નિરાશ થઇને પાછા આવવું નહીં પડે. આજે ભારત ચાલુ છે એટલે ઔરતો બેફિકર ગમે ત્યારે ઘરની બહાર નીકળી શકશે, આજે તમામ કેસોનો ઝડપી નિકાલ લાવવામાં આવશે, આજે બેંકમાં થાપણ મુકવા જતી વખતે બસમાં પૈસાની બેન છાતીથી ચિપકાવી રાખવાની જરૂર નહીં પડે, આજે અનાજ સસ્તુ મળશે, આજે કંપનીઓ નફાખોરી ઘટાડી દેશે, આજે અખબારો તદ્દન નિષ્પક્ષ બની જશે, આજે ફક્ત પ્રતિભાવાન વ્યક્તિઓને "જેક" વગર જ તક આપવામાં આવશે, આજે ઓળખાણો માટે ફોન કરવાની જરૂર નહીં, તમામ કામ જરૂરિયાત મુજબ થઇ જશે... કેમ કે, આજે ભારત ચાલુ છે... આજે તમારા ઇન્ટરનેટની સ્પીડ ફૂલ આવશે, આજે તમે પોસ્ટમાં પણ ઝવેરાત મોકલાવી શકો છો. આજે તમારા ટીવીનું કેબલ કનેકશન તમને હેરાન કરશે નહીં, આજનાં દિવસ પૂરતાં દેશમાં બધાં ખૂણે મોબાઇલ ટોઇલેટ્સ લગાયેલાં છે, આજે કોઇએ ઝાડની પાછળ કે ખેતરોની વચ્ચે શૌચ માટે જવું નહીં પડે આજે મજદૂરોને વધારે મજદૂરી મળશે, આજે મંત્રીઓ કયાંક ભાષણ નહીં કરે આજે તેઓ કામ કરશે... આજે ભારત ચાલુ છે... આજે તમે તમારી ભાવનાઓને અભિવ્યક્ત કરતાં કાર્ટૂન દોરી શકો છો, લેખ છપાવી શકો છો, ગીતો ગાઇ શકો છો. આજે તમે તમારા ધર્મો, ભાષા, પ્રદેશો, હિતોને છોડી અથવા બધુ જ સમાવિષ્ટ કરી એક સંપૂર્ણ ભારતીય બની શકે છો કેમ કે, આજે ભારત ચાલુ છે. આજે તમે એક મૌલિકતા સાથે જીવન જીવી શકો છો, તદ્દન અભય બનીને... ૨૪ કલાક તમારા છે. આ દિવસ તમારો છે... કેમ કે આજે ખરેખર ભારત ચાલુ છે!!





...બસ એક વાર ભારત ચાલુ થઇ જશે પછી એક્સીલેટર વગર પણ ચાલશે... પણ વિચાર એ છે કે ઓલરેડી (કેટલીય રીતે) બંધ થઇ રહેલાં દેશને (આ વાક્ય મગજ બંદ કરીને ન વાંચતા) આ રાજકારણીઓ કેટલી વાર બંધ કરશે... બીજો ઉપાય નથી? જાપાનની કોઇ એક કંપનીનું બહુ પહેલાં વાંચેલું ઉદાહરણ યાદ આવે છે, ઉદાહરણ સાચુ છે કે ખોટું ખબર નહીં પણ છે મજેદાર. બન્યું એમ કે જૂતા બનાવતી એક કંપનીનાં મજદૂરોએ કંપની મેનેજમેન્ટ સાથે તકરાર થઇ. મજદૂરોની કેટલીક માંગણીઓ હતી અને દરેક કંપનીમાં મેનેજમેન્ટની હોય તેવી આ કંપનીની કોઇ કહેવાતી મજબૂરી. જો આ છટની ભારતમાં હોય તો લેબર યુનિયન કંપનીની સામે જ પ્રદર્શનમાં બેસી જાત પણ જાપાન જે ત્યાંની મહેનતુ પ્રજા માટે વિખ્યાત છે, ત્યાંના આ મજદૂરોએ નવો જ કીમિયો અખત્યાર કર્યો. તેઓએ ઉત્પાદન વધારી દીધું; તમને થશે સારી વાત છે... પણ આ મજદૂરોએ ફક્ત એક જ પગમાં જૂતાનું ઉત્પાદન વધારી મૂક્યું અને જે કંપની વેચી પણ શકવાની ન હતી. કંપનીએ તુરંત જ તેમની માંગણી માની લેવામાં આવી.. આ વિરોધનો જાપાનીઝ તરીકો છે... કદાચ વિશ્વયુધ્ધની રાખમાંથી ફિનિક્સની જેમ ઊભાં થયેલાં આ જાપાનની પ્રગતિનું રહસ્ય તમે કદાચ સમજ્યાં હશો... જાપાન કયારેય બંધ થતું નથી... અને ભારત?

વેલ, ભારત ખરેખર ચાલુ થાય તેની રાહ જોવાઇ રહી છે... ભારતને ચાલુ કરી આપે તેવા લોકોની જરૂર છે... આ આશ્ચર્ય ચિહ્નવાળા પ્રશ્નાર્થનો દેશ છે... અને છેલ્લે લીડ ઇન્ડિયા માટે ગુલઝારે લખેલા ગીતની કડીઓ સાથે અલવિદા!

"તુમ ચલો તો હિન્દોસ્તાન ચલે, તુમ ચલો તો હિન્દોસ્તા ચલે
લગાઓ હાથ કે સૂરજ સુબક નિકલા કરે,
હથેલીઓ મેં ભરે ધૂપ ઓર ઉછાલા કરે...
તુમ ચલો તો હિન્દોસ્તાન ચલે..."

-ch9723367947@yahoo.com

# સૌમ્યા સ્વામીનાથ નીચેના પૈકી કઇ રમતની પ્રસિધ્ધ ખેલાડી છે?

### વિષય : રમત-ગમત

(૧) મેકલ રૉય કઇ રમતનો જાણીતો ખેલાડી છે?
(અ) ટેનિસ (બ) ગોલ્ફ (ક) ફૂટબોલ (ડ) હોકી
(૨) વિશ્વકપ ફૂટબોલ પ્રતિયોગિતા સૌથી વધુ વખત જીતવાનું શ્રેય નીચેનામાંથી કયા દેશને જાય છે?
(અ) જર્મની (બ) ઉરૂગ્વે (ક) આર્જેન્ટીના (ડ) બ્રાઝિલ
(૩) નીચેનામાંથી કોણ મુંબઇ ક્રિકેટ એસોશિયેશનના પ્રમુખ છે?
(અ) વિલાસરાવ દેશમુખ (બ) વેંગસરકર
(ક) શરદ પવાર (ડ) સુનિલ ગાવસ્કર
(૪) ફાસ્ટ બૉલર ચેતન શર્માએ વન-ડે ક્રિકેટમાં જે દેશ સામે હેટ્રિક નોંધાવી હતી તે દેશ કયો?
(અ) ઑસ્ટ્રેલિયા (બ) ઈંગ્લેન્ડ (ક) ન્યૂઝીલેન્ડ (ડ) શ્રીલંકા
(૫) આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઈતિહાસની ૨૦૦૦મી ટેસ્ટ મેચ કયા બે દેશ વચ્ચે રમાઈ હતી?
(અ) ઑસ્ટ્રેલિયા-પાકિસ્તાન (બ) શ્રીલંકા-બાંગ્લાદેશ
(ક) ભારત-ઈંગ્લેન્ડ (ડ) પાકિસ્તાન - સાઉથ આફ્રિકા
(૬) ૨૦૧૯માં ક્રિકેટ વર્લ્ડકપ કયા દેશમાં રમાશે?
(અ) ઑસ્ટ્રેલિયા (બ) ભારત (ક) શ્રીલંકા (ડ) ઈંગ્લેન્ડ
(૭) ૨૦૧૯માં ફૂટબૉલ વિશ્વકપ કયાં યોજાશે?
(અ) ચીન (બ) રશિયા (ક) અમેરિકા (ડ) કોરિયા
(૮) ટેસ્ટ ક્રિકેટમાં ૩૪ સદી ફટકારી હોય, તેવા ક્રિકેટરમાંથી નીચેના કોનો સમાવેશ નહીં થાય?
(અ) સુનિલ ગાવસ્કર (બ) રાહુલ દ્રવિડ
(ક) બ્રાયન લારા (ડ) ગેરી સોબર્સ
(૯) લિંબારામ કઇ રમતનો ખેલાડી છે?
(અ) આર્ચરી (બ) ટેનિસ (ક) હૉકી (ડ) ફૂટબૉલ
(૧૦) હાલમાં ટેસ્ટ અને વન-ડે ક્રિકેટ બંનેમાં સર્વાધિક સદીઓ ફટકારવાનો શ્રેય વિશ્વનાં કયા બેટ્સમેનને ફાળે જાય છે?
(અ) જૅક કાલીસ (બ) રીકી પોન્ટિંગ
(ક) ડૉન બ્રેડમેન (ડ) સચીન તેન્ડુલકર
(૧૧) બીસીસીઆઇના નવા પ્રમુખ નીચેમાંથી કોણ છે?
(અ) સંજય જગદાલે (બ) નિરંજન શાહ
(ક) શ્રીનિવાસન (ડ) કપિલદેવ નિખંજે
(૧૨) સૌમ્યા સ્વામીનાથ નીચેના પૈકી કઇ રમતની પ્રસિધ્ધ ખેલાડી છે?
(અ) ટેનિસ (બ) હૉકી (ક) બૅડમિંટન (ડ) શરતંજ
(૧૩) કયા ભારતીય બોલરે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ વિકટો ખેરવી છે?
(અ) કપિલ દેવ (બ) હરભજનસિંહ
(ક) અનિલ કુંબલે (ડ) ચેતન શર્મા
(૧૪) ઑસ્ટ્રેલિયાના નવા ફિલ્ડીંગ કૉચ કોણ છે?
(અ) સ્ટીવ રિક્સન (બ) ગ્રેહામ ફાઉલર
(ક) રોબીનસિંઘ (ડ) ડંકન ફ્લેચર
(૧૫) વેસ્ટ ઈન્ડીઝ વિરૂધ્ધ વેસ્ટ ઇન્ડિઝમાં જ એક ટેસ્ટમાં ૧૦ વિકેટ લેનાર પ્રથમ બોલર કોણ?
(અ) બિશનસિંહ (બ) કપિલદેવ
(ક) ઈશાંત શર્મા (ડ) ઝહીરખાન


### ● વિવિધા ●

વિષય :- વિશિષ્ટ મહાનુભાવો

**નામ, ક્ષેત્ર અને વિશિષ્ટ નોંધ**

- ઠક્કર બાપા **(હરિજન સેવા) : આદિવાસીઓનાં ઉધ્ધારક**
- ડી.ટી. લાકડાવાલા **(અર્થકારણ) : અગ્રણી અર્થશાસ્ત્રી તથા આયોજનપંચના અધ્યક્ષ**
- ડોંગરેજી મહારાજ **(ધર્મ) : સંત, કથાકાર**
- ત્રિભુવનદાસ ગજ્જર **(વિજ્ઞાન) : અગ્રણી રસાયણશાસ્ત્રી**
- ત્રિભોવનદાસ પટેલ **(સહકારી પ્રવૃત્તિ) : અમૂલ ડેરીનાં સ્થાપક**
- દયાનંદ સરસ્વતી : **(ધર્મ અને સમાજ) : આર્ય સમાજના સ્થાપક, વેદ પ્રચારક**
- દયારામ **(કાવ્ય) : ભક્તકવિ, ગરબીના ગાયક**
- દરબાર ગોપાલદાસ દેસાઇ **(સમાજસેવા) : વસોના ગાંધીભક્ત દરબાર**
- દર્શક 'મનુભાઈ પંચોલી' **(સાહિત્ય અને શિક્ષણ) : સરસ્વતી એવોર્ડ વિજેતા**
- દર્શના ઝવેરી **(નૃત્ય) : મણીપુરી નૃત્ય નિષ્ણાંત**
- દલપતરામ ડાહ્યાભાઇ ત્રવાડી **(સાહિત્ય) : ગુજરાતના લોકપ્રિય સમાજ સુધારક, કવિ**
- દલસુખ માલવણીયા **(ન્યાયશાસ્ત્ર અને જૈનદર્શન) : શ્રધ્ધેય વિદ્વાન**
- દાદાભાઇ નવરોજી **(દેશ સેવા) : બ્રિટીશ પાર્લામેન્ટના પ્રથમ હિન્દી સભ્ય**
- દિવાળીબેન ભીલ **(લોકગીત) : લોકગીત ગાયિકા**
- દુલા કાગ **(લોક સાહિત્ય) : લોકભોગ્ય ગીતોના સર્જક**

### ગયા સપ્તાહનો સવાલ...?




સવાલ - તાજેતરમાં કયા કાર્ટૂનિસ્ટનો રાષ્ટ્રીય માનચિત્રોને લઈને દોરવામાં આવેલ કાર્ટૂનનાં કારણે રાજદ્રોહનો ગુનો લગાવી ધરપકડ કરવામાં આવી હતી?
જવાબ - શ્રી અસિમ ત્રિવેદી

### સાચો જવાબ આપનાર પત્રમિત્રો :-

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) એન.એસ. દવે : સે-૨૧, ૩, સ્વસ્તિક સોસાયટી
(૩) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૪) મહેશ એમ. જાદવ : સે-૩૦
(૫) નટુભાઇ દરજી : પેથાપુર

### પૂછું એક સવાલ...?

(૧) વૈભક્તિ બી. પરમાર : સે-૩૦થી
પ્રશ્ન - કયા શહેરને યુરોપનું કોકપીટ કહે છે?
જવાબ - બેલ્જિયમને
(૨) કૌતુલ. એસ. પંડ્યા : સે-૪થી
પ્રશ્ન - એસ્પિરિન દવાની શોધ કોણએ કરી હતી?
જવાબ - ૧૯૯૭માં જર્મનીના ફેલિક્સ હોફમેને.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

# આ ગરીબ, મહેનતું કુલીની પ્રામાણિકતા અને ગુરૂ પ્રત્યેની લાગણીનો કિસ્સો આજે પણ નજર સમક્ષ તરવરે છે, સલામ છે આવા પ્રામાણિક માણસોની પ્રામાણિકતાને

## કુલી (વાર્તા)

**- હર્ષદરાય ઉપાધ્યાય**

ટ્રેન કપડવંજ સ્ટેશને ઊભી રહી. હૈયે હૈયું દબાય તેટલી ભીડ હતી એ ડબ્બામાં. ભારે શોરબકોર અને ધક્કામુક્કી વચ્ચેથી સામાન સાથે અને પરિવારના સભ્યોને સહીસલામત રીતે મારા પિતાજી બહાર કાઢી રહ્યા હતા. હું ત્યારે ૧૫ વર્ષનો હોઇશ. સાથે બે મોટી બહેનો, મારી બા અને પિતાજી હતા.

ત્યારે મારા પિતાજી નડિયાદની હાઇસ્કૂલમાં શિક્ષક હતા. મૂળ વિદ્યાપીઠમાં અભ્યાસ કરેલો આથી ખાદીનાં જ વસ્ત્રો તેઓ પહેરતા. સામાન્ય સ્થિતિનું અમારું જીવન હતું.

વેકેશન પડ્યું હતું. સાબરકાંઠા જિલ્લાના માલપુર તાલુકાના પીપરાણા ગામે વેકેશન ગાળવા દર વર્ષે અમે જતા. અને તે સમયે વાહનવ્યવહારની આટલી સગવડો કયાં હતી? દિવસમાં એકાદ ટ્રેન કપડવંજ આવતી, અને ત્યાંથી વતન તરફ બસ મળતી. વેકેશન શરૂ થતું હોઇ ચિક્કાર ગીરદી હતી, પગગ મૂકવાથી કયાંક જગા ન મળે. સૌની નજર વાહન તરફ હતી. સૌને સમયસર ઘરે પહોંચવાની ફિકર હતી. ટ્રેનમાં કે બસમાં જયાં જૂઓ ત્યાં પડે એના કટકા જેવી સ્થિતિ હતી. અરે! બારી માર્ગે ઘણાં પ્રવેશવા મથામણ કરતા હતા.

પિતાજી લોખંડના પટારાને આગળ રાખી ડબ્બામાં રસ્તો કરતા કરતા અને પરસેવે નીતરતા દરવાજે પહોંચ્યા. બહારથી અંદર આવવા ભારે ધસારો હતો. માંડ માંડ અમે સૌ ટ્રેનના ડબ્બામાંથી બહાર આવવામાં સફળ રહ્યા, હાશ થઇ. અમે સૌ બૈબાકલા જેવા બની ગયા હતા. ટ્રેનની વ્હીસલ વાગી અને ટ્રેન ચાલી.

અમારે ત્યાંથી બસ સ્ટેશને જવાનું હતું. અમે સામાન ઉપાડી ચાલવા કરતા હતા પરંતુ ત્યાં તો થોડે દૂર શોરબકોર થયો. કોઇક ઝઘડતું હતું. જોયું તો શૂટ-બૂટમાં એક સજ્જન જેવા વ્યક્તિનો એક કુલી જોડે ઝઘડો થયો હતો. દાઢીવાળો અને દેખાવે બદમાશ લાગતો કુલી પેલા સજ્જન જોડે હાથાપાઇ ઉપર ઉતરી આવ્યો હતો.

મારી મારી એ જોર પકડ્યું. ભીડ તો હતી તેમાં વળી આ ઝઘડો થયો પછી પૂછ્યું જ શું? ટોળું મોટું થયું. વચ્ચે પડવાની કોઇની હિંમત ન હતી. કુલી સશક્ત હતો. તેની બે - ત્રણ લાત અને એક-બે બારે મુક્કાના મારથી પેલો સજ્જન બેવડો વળી ગયો હતો. તેના મોં માંથી લોહી વહી રહ્યું હતું. મારા પિતાજી સામાન મુકી તે બંનેને છોડાવવા જતા હતા ત્યાં મારી બા એ સોગંધ પૂર્વક તેમને રોક્યા. બા બોલી, "પારકી પંચાતમાં તમારે વળી પડવાની શી જરૂર છે?" જોતા નથી આટલા બધા છે છતાં કોઇ વચ્ચે પડે છે? તમને બહું લાગી આવે છે ને?" પિતાજી ખચકાયા. પરિવાર જોડે હતો અને પોલીસનું લફરૂં થાય તો કયાં ઉપાધી વહોરવી? તે ઉભા રહી ગયા.

ઝઘડો પરાકાષ્ઠાએ હતો. અચાનક પેલા સજ્જનના હાથમાંથી તેનું પાકીટ પડી ગયું. કુલી તે પાકિટ લેવા વાંકો વળ્યો કે આ તકનો લાભ થઇ પેલો સજ્જન ત્યાંથી ભાગ્યો. પેલાં કુલીએ તેને બૂમ પાડી ફરી લલકાર્યો પણ પેલો સજ્જન ત્યાંથી છટકી ગયો. પેલા કુલીના હાથમાં પૈસા ભરેલું પર્સ હતું. તે લઇને પરસેવો લૂછતો તે ભીડમાંથી રસ્તો કરતો મારા પિતાજી તરફ આવ્યો. અમે સૌ ગભરાયા. પરંતુ અમારા સૌના આશ્ચર્ય વચ્ચે તેણે પાકીટ મારા પિતાજી તરફ લંબાવી બોલ્યો, "માસ્ટરજી આપકા પર્સ."

અમે કોઇ સમજી ન શક્યા. પિતાજી કાંક સમજ્યા હોય તેમ તેમણે પોતાના કુર્તાના ખીસ્સામાં હાથ નાંખ્યો તો સ્તબ્ધ રહી ગયા. કેમ કે, ખીસ્સું કપાયેલું હતું. હું કાંઇ સમજ્યો નહીં. પણ પિતાજી સમજી ગયા. ટ્રેનમાં પેલા સજ્જન દેખાવનાં ખીસ્સાકાતરૂ એ તેમનું ખીસ્સું કાપ્યું અને અચાનક પેલા કુલીની નજર ત્યાં પડી અને તે ચોરને આ પ્રામાણિક કુલીએ મેંથીપાક ચખાડ્યો હતો. પિતાજી અને અમારા સૌની સ્થિતિની વાત વિચારી શકાય તેમ છે. ગુંડા જેવા લાગતા કુલીની પ્રામાણિકતા અને સજ્જન દેખાતા ચોરની તુલના સંભવ ન હતી.

પિતાજી પાકીટમાંથી બક્ષિસ આપવા જતા હતા ત્યાં તે કુલી સલામ કરી બોલ્યો, "નહીં માસ્ટરજી, મેં આપસે કુછ નહીં લે સકતા. યે તો મેરા ફર્જ થા. લેકીન સાબ, આપને મુજે નહીં પહેચાના?" પિતાજી યાદશક્તિ ઢંઢોળવા લાગ્યા પણ કશું યાદ ન આવતું જાણી કુલી બોલ્યો, "સાબ, છે સાલ પહેલે મેં આપકી દશવીં કલાસ મેં થા. બહોત શરારતી ઔર સ્કૂલ સે ગુલ્લી મારને કી વજહ સે આપને કહીં દફા મુજે શિક્ષા બહોત કી થી. મેરા નામ આફતાબ હૈ સાબ" પિતાજીને તરત યાદ આવ્યું બોલ્યા, "અરે હા! આફતાબ, તું કાયમ વર્ગમાંથી ભાગી જતો, તોફાન કરતો અને માટે તને વારંવાર હું શિક્ષા કરતો. મને યાદ આવ્યું. પણ તું કુલી બન્યો?" તે બોલ્યો, સાબ, ગરીબ થા, ખાનેકા વાંધા થા, પઢાઇ કા પૈસા નહીં થાય. તો બસ, બન ગયા કુલી. લેકીન સાબ આપકો મેં પહેચાન ગયા થા. ઔર ઉસ ચાર કો ભી મેંને દેખાથા. ઈસીલીયે ઉસે સબક શીખાયા.''

આ ગરીબ, મહેનતું કુલીની પ્રામાણિકતા અને ગુરૂ પ્રત્યેની લાગણીનો કિસ્સો આજે પણ નજર સમક્ષ તરવરે છે. સલામ છે આવા પ્રામાણિક માણસોની પ્રામાણિકતાને. કદાચ આવા વ્યવસાયે નાના પણ વિરાટ માણસોને કારણે જ ભારત દેશ વિશ્વમાં મહાન ગણાય છે. અને આપણે આપણી સંસ્કૃતિ ઉપર ગર્વ અનુભવી શકીએ છીએ.

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

### ૨૧મી સપ્ટેમ્બર

- સુપ્રસિધ્ધ અંગ્રેજી સાહિત્યકાર, પત્રકાર - કેળવણીકાર ભવિષ્યદૃષ્ટા, એચ.જી. વેલ્સની જન્મજયંતિ - ૨૧-૯-૧૮૬૬.

વર્ડ બ્રેઇન, વિશ્વકોશ, તેમનું યશસ્વી પ્રદાન.

- બંગાળી ભાષાના આદ્ય ઘડવૈયા - ઇશ્વરચંદ્ર બંદોપાધ્યાય, ઇશ્વરચંદ્ર વિદ્યાસાગરનો જન્મ - ૧૮૨૦.
- રાજકારણમાં દૃષ્ટાંતરૂપ - સેવક ઉછંગરાય છેબરનો સંસ્કારી નાગર પરિવારમાં જન્મ.

વિખ્યાત ધારાશાસ્ત્રી, સૌરાષ્ટ્ર રાજયના પ્રથમ મુખ્યમંત્રી, સરદાર સ્મારકો ઉભા કરવામાં પુરૂષાર્થ કરનારા કોંગ્રેસને ધમધમતી કરનારા મહાન પુરૂષ. તેમનું ચિરંજીવી કાર્ય છે સૌરાષ્ટ્રનું ઘડતર, ૧૯૭૭ માં તેમનું અવસાન થયું.

- ૧૭૯૨ - ફ્રાન્સ પ્રજા સત્તાક રાજ્ય બન્યું.
- ૧૧૬૧માં કુમારપાળ અને ૧૧૯૯ માં ભીમદેવ બીજાએ લખાવેલાં શિલાલેખ - તામ્રલેખ.
- ૧૯૯૨ - ફિલ્મી હસ્તી તારાચંદ બડજાત્યાનું અવસાન.
- ૧૯૦૨ - ફ્રેન્ચ લેખક ઇમાઇલ ઝોલાનું નિધન.
- ૧૮૯૫ - સંપાદક ક્ષેત્રમાં વિદ્વાન ડો. રમણલાલ કનૈયાલાલ યાજ્ઞિકનો નડિયાદમાં જન્મ.